દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૨૮ માર્ચ, ૨૦૨૬

# એક્સાઈઝ ડ્યુટીના ઘટાડાથી હરખાવા જેવું નથી, પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારાની ‘તલવાર’ તોળાયેલી જ છે

વિશ્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધમાં ક્રુડ ઓઈલના ભાવો ભડકે બળી રહ્યા છે. એક તરફ ક્રુડ ઓઈલની સપ્લાય પણ ઘટી છે અને સાથે સાથે તેનો ભાવ વધી જતાં પેટ્રોલિયમ પેદાશો પર બેવડો માર પડી રહ્યો છે. હજુ એક દિવસ પહેલા જ નાયરા કંપનીએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. અન્ય પેટ્રોલિયમ કંપની પણ ગમે ત્યારે ભાવ વધારો કરી શકે તેમ હતી. જેને કારણે કેન્દ્ર સરકારે તાત્કાલિક ધોરણે પેટ્રોલ અને ડીઝલમાં એક્સાઈઝ ડ્યુટીમાં 10-10 રૂપિયાનો ઘટાડો કરી દીધો છે. સરકારે દેખીતી રીતે એવું કારણ આપ્યું છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધે નહીં તે માટે એક્સાઈઝ ડ્યુટી ઘટાડવામાં આવી છે પરંતુ પડદા પાછળનું સત્ય એ છે કે હાલમાં પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ચૂંટણી છે ત્યારે કેન્દ્રની ભાજપ સરકાર કોઈ જોખમ લેવા માંગતી નથી. ચૂંટણી પતી જાય પછી જો યુદ્ધની સ્થિતિ ચાલુ રહેશે તો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો થાય તો નવાઈ નહીં હોય.

કેન્દ્ર સરકારે જે એક્સાઈઝ ડ્યુટી ઘટાડી છે તેમાં પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી 13 રૂપિયા હતી, જે હવે ઘટાડીને 3 રૂપિયા કરવામાં આવી છે, જ્યારે ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી 10 રૂપિયા હતી, જે હવે ઘટાડીને શૂન્ય કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે ઘટાડેલી એક્સાઈઝ ડ્યુટીને કારણે તેલ કંપનીઓ અને સામાન્ય લોકોને રાહત મળી છે. હાલમાં ઇઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે, ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ $70થી વધીને $100થી વધુ થઈ ગયા છે. આનાથી તેલ કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે. સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખવા માટે એક્સાઇઝ ડ્યુટી ઘટાડી છે. સરકારે એક્સાઈઝ ડ્યુટી ભલે ઘટાડી પરંતુ ભવિષ્યમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો નહીં થાય તેવી કોઈ ગેરન્ટી નથી. ઇન્ડિયન ઓઇલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી તેલ કંપનીઓ ક્રૂડ ઓઇલની કિંમત અને તેમના નફાના આધારે ભાવ નક્કી કરે છે. તેથી કંપનીઓ આ છૂટનો ઉપયોગ તેમના અગાઉના નુકસાનની ભરપાઈ કરવા માટે કરશે.

તેલ કંપનીઓ દ્વારા એવા દાવાઓ કરવામાં આવી રહ્યા છે કે હાલમાં કંપનીઓ પેટ્રોલ પર 24 રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ પર 30 રૂપિયા પ્રતિ લિટરનું નુકસાન સહન કરી રહી છે. નાયરા એનર્જી કંપનીએ પેટ્રોલમાં પાંચ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલમાં ત્રણ રૂપિયા પ્રતિ લિટર ભાવ વધારો કર્યો છે. આ ભાવ વધારાને કારણે ભોપાલમાં તો નાયરાના પેટ્રોલનો ભાવ 111.72 રૂપિયા અને ડીઝલ 94.88 રૂપિયા પર પહોંચી ગયું છે. જો પશ્ચિમ એશિયામાં તણાવ વધુ વધે અને સપ્લાય ચેઇન ખોરવાય, તો ક્રૂડ ઓઇલના ભાવ વધુ ઉપર જઈ શકે છે. આમ તો કેન્દ્ર સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટી ઘટાડ્યા બાદ રાજ્યો દ્વારા વેટમાં પણ ઘટાડો કરવામાં આવે છે પરંતુ હજુ સુધી રાજ્ય સરકારોએ વેટ ઘટાડ્યો નથી. રાજ્ય સરકારો વેટ ઘટાડવાના મૂડમાં પણ નથી.

વિશ્વની સ્થિતિ જોતાં ભલે હાલમાં કેન્દ્ર સરકારે ચૂંટણીને કારણે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને મામલો સાચવી લીધો હોય પરંતુ પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોની ચૂંટણી પુર્ણ થયાં પછી પેટ્રોલ અને ડિઝલમાં ભાવ વધારો થાય તેવી પુરી સંભાવના છે. કેન્દ્ર સરકારે એક્સાઈઝ ડ્યુટી ઘટાડી તે હરખાવા જેવો મુદ્દો નથી. આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો થવાની લોકો પર તોળાયેલી જ છે તે નક્કી છે.

# ભાજપ મમતાને નહીં હરાવી શકે?

પશ્ચિમ બંગાળના રાજકારણ અન્ય રાજ્યો કરતા અટપટું છે. અહીં દેશના મુખ્ય પક્ષો સત્તા મેળવી શકતા નથી અને ઘણા વર્ષોથી આ સ્થિતિ છે. પહેલા ડાબેરીઓએ રાજ કર્યું અને હવે મમતા બેનર્જીનાં તૃણમુલનું રાજ તપી રહ્યું છે. કોંગ્રેસ અને ડાબેરીઓ હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે. ભાજપ એનું બધું જોર અજમાવે છે પણ સત્તા સુધી પહોચી શકતો નથી અને આ ચૂંટણીમાં અત્યારના સર્વેને સાચા માનીએ તો ભાજપ ફરી અસફળ નીવડવાનો છે અને મમતાની સત્તા અજેય બની રહેવાની છે. આવું શા માટે બનેઈ શકે એમ છે? આ પ્રશ્નોનાં જવાબ જોઈ જવા જેવા છે.

બંગાળમાં મમતા રાજમાં બધું બરાબર ચાલે છે એવું નથી જ. હિંસા વધી છે, બેરોજગારી વધી છે. મુસ્લિમ તુષ્ટિકરણ છે. તીએમસી કાર્યકર્તાઓની દાદાગીરી ઓછી નથી. જેમ અગાઉ ડાબેરી કાર્યકર્તાઓની હતી. આમ છતાં મમતા લોકપ્રિય છે. એનું સૌથી મોટું કારણ છે મમતા બેનર્જીનું વ્યક્તિત્વ અને ‘બંગાળની દીકરી’ની છબી. મમતા બેનર્જીની છબી એક લડાયક અને જમીની સ્તરના નેતા તરીકેની છે. ૨૦૨૧ની ચૂંટણીમાં તેમણે ‘બંગાળને પોતાની દીકરી જોઈએ છે’ સૂત્ર આપ્યું હતું, જેણે બંગાળી અસ્મિતા અને ભાવનાઓને સ્પર્શી લીધી હતી. ભાજપ પાસે અત્યારે મમતા બેનર્જીની તોલે આવી શકે તેવો કોઈ શક્તિશાળી સ્થાનિક ચહેરો નથી. અને એ ભાજપની સૌથી મોટી નબળાઈ છે.

બીજું કારણ છે, લોકકલ્યાણની યોજનાઓ. તૃણમુલ સરકારની કેટલીક યોજનાઓ સીધી રીતે સામાન્ય જનતા સાથે જોડાયેલી છે. કેમ કે, લક્ષ્મીર ભંડાર. મહિલાઓને આર્થિક સહાય આપતી આ યોજના અત્યંત લોકપ્રિય છે.

તમારા દ્વારે સરકારઃ સરકારી સેવાઓને લોકોના ઘર સુધી પહોંચાડવાના અભિયાનથી ગ્રામીણ વિસ્તારોમાં ટીએમસીની પકડ મજબૂત થઈ છે. આ ઉપરાંત, સ્વાસ્થ્ય સાથી જેના તળે મફત સારવારની યોજનાઓએ ગરીબ વર્ગમાં મમતા બેનર્જી પ્રત્યે વિશ્વાસ જાળવી રાખ્યો છે.

એક સૌથી મહત્વનું કારણ છે, મુસ્લિમ મત. બંગાળમાં આશરે ૨૭% થી ૩૦% મુસ્લિમ મતદારો છે. મમતા બેનર્જીની ઉદાર નીતિઓ અને ભાજપના વિરોધને કારણે આ મોટો વોટબેંક એકતરફી રીતે ટીએમસી તરફ વળે છે, જે ભાજપ માટે મોટો પડકાર છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ આ ફેક્ટરે મહત્વની ભૂમિકા ભજવી હતી.

ભાજપ થાય એટલી મહેનત કરે છે. સામ દામ દંડ ભેદ અપનાવે છે. તૃણમુલમાં ગાબડા પાડવાના પ્રયત્નો કર્યા. કેટલાક નેતાઓ ભાજપમાં આવ્યા છે. રાજ્યપાલની નિયુક્તિ એવી કરી કે જે મમતા સરકારને પરેશાન કર્યા કરે. આ સિવાય વિવિધ કેસ અને છેલ્લે મમતાનું કામ સંભાળતી કંપની પર દરોડા ...આ બધું કર્યા છતાં ભાજપ સફળ થતો નથી. એનું એક કારણ છે, જમીન પરનું સંગઠન. હિન્દી બેલ્ટમાં ભાજપનું સંગઠન જે રીતનું છે એવું બંગાળમાં થઈ શક્યું નથી. બીજી બાજુ, ટીએમસીનું બૂથ લેવલનું સંગઠન ખૂબ જ આક્રમક અને મજબૂત છે. ભાજપ હજુ પણ બંગાળના ઘણા ગ્રામીણ વિસ્તારોમાં પોતાનું મજબૂત સંગઠન ઊભું કરી શક્યું નથી. ઘણીવાર ભાજપના કાર્યકરો પર દબાણ અથવા હિંસાના આરોપો પણ સંગઠનને નબળું પાડે છે.

અને ભાજપની ‘બહારના પક્ષ’ તરીકેની છબી રહી છે. ટીએમસી ઘણીવાર ભાજપને ‘બંગાળી સંસ્કૃતિથી અજાણ’ અને ‘બહારના લોકોનો પક્ષ’ તરીકે રજૂ કરવામાં સફળ રહે છે.

ભાજપના કેન્દ્રીય નેતાઓ જ્યારે પ્રચાર કરે છે, ત્યારે મમતા બેનર્જી તેને ‘બંગાળી ગૌરવ’ વિરુદ્ધ ‘દિલ્હીની તાકાત’ તરીકે રજૂ કરે છે, જે બંગાળી મતદારોને પ્રભાવિત કરે છે.

બંગાળમાં ડાબેરી પક્ષો અને કોંગ્રેસના મતો ઘટતા જાય છે, જેનો સીધો ફાયદો ઘણી જગ્યાએ ટીએમસીને થાય છે. ભાજપ મુખ્ય વિરોધ પક્ષ તો બન્યો છે, પરંતુ વિરોધ પક્ષો વચ્ચે મતો વહેંચાઈ જવાથી મમતા બેનર્જીની બેઠકો સુરક્ષિત રહે છે.

આ વર્ષે કેટલાક પડકારો મમતા સામે છે ખરા. અસ્દુદિન ઓવૈસી તો છે જ. ઉપરાંત બાબરી મસ્જીદ બનાવવાની જાહેરાત કરનારા ટીએમસીનાં પૂર્વ ધારાસભ્યે બાબરે પણ મુસ્લિમ ઉમેદવારો ઉતારવાની જાહેરાત કરી છે પણ એને સફળતા મળે એવી શક્યતા ઓછી છે. શક્ય છે કે આ વેળા ભાજપને વધુ બેઠકો મળે. એસઆઈઆર પણ એમાં જવાબદાર હોય શકે. પણ સતા માટે જોઈએ એટલી બેઠકો મેળવવા ભાજપે હજુ રાહ જોવી પડે એમ છે.

**ગુજરાતમાં યુસીસી : ભાજપને કેટલો ફાયદો કરાવશે?**

ગુજરાત વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા- યુસીસી બિલ પસાર કર્યું છે. ઉત્તરાખંડ પછી ગુજરાત આવો કાયદો લાવનાર દેશનું બીજું રાજ્ય બન્યું છે. ભાજપ માટે આ કાયદો રાજકીય અને સામાજિક રીતે માસ્ટરસ્ટ્રોક સાબિત થઈ શકે છે.

યુસીસી, રામ મંદિર અને કલમ ૩૭૦ એ ભાજપના પાયાના ત્રણ મુખ્ય એજન્ડા રહ્યા છે. ગુજરાતમાં આ કાયદો લાવીને ભાજપે પોતાના વચનબદ્ધ મતદારોને મજબૂત સંદેશ આપ્યો છે કે તેઓ જે કહે છે તે કરે છે. આનાથી ભાજપની ‘નિર્ણાયક સરકાર’ તરીકેની છબી વધુ મજબૂત થશે.

આ કાયદાની ઘણી જોગવાઈઓ સીધી રીતે મહિલાઓના અધિકારો સાથે જોડાયેલી છે. એ દીકરા અને દીકરીને મિલકતમાં સમાન અધિકાર આપે છે. બહુપત્નીત્વ પર પ્રતિબંધ અને હલાલા જેવી પ્રથાઓ નાબૂદ થવી. તમામ ધર્મની મહિલાઓને છૂટાછેડા બાદ સમાન ભરણપોષણનો અધિકાર.

આ સુધારાઓથી ભાજપ ખાસ કરીને મહિલા મતદારોમાં પોતાની લોકપ્રિયતા વધારી શકે છે, જે કોઈપણ ચૂંટણીમાં મોટું પાસું હોય છે. ભાજપ હંમેશા વિપક્ષો પર ‘લઘુમતી તુષ્ટિકરણ’નો આરોપ લગાવતું આવ્યું છે. યુસીસી દ્વારા ભાજપ ‘એક દેશ, એક કાયદો’નો નારો બુલંદ કરી શકશે. તે એવો દાવો કરી શકશે કે તેઓ કોઈ ધર્મ વિરુદ્ધ નહીં પણ ‘સમાનતા’ માટે કામ કરી રહ્યા છે. આનાથી રાષ્ટ્રવાદી મતદારોમાં ભાજપની પકડ વધુ મજબૂત બનશે.

યુસીસીના મુદ્દે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા પક્ષો માટે વલણ સ્પષ્ટ કરવું અઘરું બને છે. જો તેઓ વિરોધ કરે તો ભાજપ તેમને ‘મહિલા વિરોધી’ અથવા ‘તુષ્ટિકરણ કરનારા’ સાબિત કરી શકે છે અને જો તેઓ સમર્થન આપે તો ભાજપની જીત ગણાય છે. કોંગ્રેસે ફરી ભૂલ કરી છે, આ કાદ્દાનો વિરોધ કરીને.

બીજું કે, લિવ-ઈન રિલેશનશિપનું રજિસ્ટ્રેશન અને લગ્નની ઉંમર જેવા કાયદાઓ દ્વારા ભાજપ આધુનિક અને જાગૃત યુવા પેઢીને એવો સંદેશ આપી શકે છે કે તેઓ કાયદાકીય વ્યવસ્થાને આધુનિક બનાવી રહ્યા છે.

એટલે કે, ભાજપ માટે આ કાયદો માત્ર કાયદાકીય સુધારો નથી, પણ ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીઓ માટે એક મજબૂત પીચ તૈયાર કરવાની રણનીતિ છે.

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

**અહીં દેશના મુખ્ય પક્ષો સત્તા મેળવી શકતા નથી અને ઘણા વર્ષોથી આ સ્થિતિ છે. પહેલા ડાબેરીઓએ રાજ કર્યું અને હવે મમતા બેનર્જીનાં તૃણમુલનું રાજ તપી રહ્યું છે**


- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ધ્યાન એટલે શું?

એક નાનકડા છોકરાએ માતા-પિતાને પ્રશ્ન કર્યો ‘ધ્યાન એટલે શું?’ માતા પિતા તેને બરાબર સમજાવી ન શક્યા એટલે માતા પિતા પોતાના દીકરા અને તેના પ્રશ્નને લઈને રમણ મહર્ષિ પાસે ગયા.

નાનકડા છોકરાએ રમણ મહર્ષિને પૂછ્યું, ‘ધ્યાન એટલે શું?’ પહેલા રમણ મહર્ષિએ મનમાં જ હસ્યા પછી હસીને છોકરા સામે જોયું અને આશ્રમના રસોડામાંથી છોકરા માટે એક ઢોસો મંગાવ્યો. કેળના પાન પર ગરમ ઢોસો આવ્યો.

રમણ મહર્ષિએ છોકરાને કહ્યું, ‘જો હું જ્યારે પહેલીવાર ઓમ બોલીશ ત્યારે તું ઢોસો ખાવાનું શરૂ કરજે અને હું જ્યારે બીજીવાર ઓમ બોલું ત્યારે તારો ઢોસો ખવાઈ જવો જોઈએ. જો તું બરાબર બે વાર ઓમ બોલું તે પહેલા ઢોસો પૂરો કરીશ તો હું તને ધ્યાનનો અર્થ બરાબર સમજાવીશ.’ છોકરો તૈયાર થઈ ગયો ઢોસો તેની સામે જ હતો જેવું રમણ મહર્ષિએ પહેલીવાર ઓમ કહ્યું એટલે તે ફટાફટ ઢોસો ખાવા લાગ્યો. છોકરો મોટા મોટા ટુકડા કરી ઢોસાના કોળિયા ભરતો હતો... અને સતત તેનું ધ્યાન રમણ મહર્ષિના અવાજ પર જ હતું. લગભગ ઢોસો પૂરો થવા આવ્યો... જરાક બાકી હતો... છોકરાનું ધ્યાન અવાજ પર જ હતું... જેવું રમણ મહર્ષિ ઓમ બોલ્યા. છોકરાએ છેલ્લો કોળીયો ખાઈને ઢોસો પૂરો કર્યો.



હવે રમણ મહર્ષિએ તેને પાસે બોલાવીને કહ્યું, ‘સાચું કે જે તારું ધ્યાન ક્યાં હતું? મારા અવાજ પર કે ઢોસા ઉપર??’ છોકરાએ ભોળા ભાવે જવાબ આપ્યો, ‘બંને ઉપર!!’ મહર્ષિ બોલ્યા, ‘તો તું ફટાફટ ઢોસો પૂરો કરવામાં લાગ્યો હતો. સાથે સાથે તારું ધ્યાન મારા પર પણ હતું. બીજે ક્યાંય નહીં બરાબર?? આવી જ રીતે જ્યારે આપણે દિનભર કાર્યો કરીએ છીએ ત્યારે કામ કરતા કરતા ધ્યાન અને વિચારો પ્રભુમય રાખીએ તેને ધ્યાન કહે છે. સમજ હમણા બે ઓમના અવાજએ જન્મ અને મૃત્યુ છે અને આ જન્મ અને મૃત્યુ વચ્ચેની જિંદગીમાં દરેક કાર્ય કરતા કરતા પ્રભુને સાથે રાખીએ... પ્રભુમય રહીએ... પ્રભુ નામ લઈએ કે પ્રભુને યાદ કરીએ એ ધ્યાન છે. રમણ મહર્ષિ એ આ રીતે ધ્યાન એટલે શું સરળતાથી સમજાવ્યું. આ રીતે જીવન જીવવા માટે આપણને ઈશ્વર કૃપા અને સદ્ગુરુનું માર્ગદર્શન અને સાથેસાથે આપણામાં નમ્રતા તથા સમજશક્તિ જોઈએ ત્યારે ધ્યાનનો અર્થ સમજી શકાય અને ધ્યાન કરી શકાય.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# યુદ્ધની સાઈડ ઈફેક્ટ: ભારતે લાંબો સમય ઈન્ટરનેટ વગર ચલાવવું પડે

સમુદ્રના તળિયે બીછાવેલા આંતર રાષ્ટ્રીય સંદેશા વ્યવહાર માટેનાં કેબલ્સ હોર્મુઝ નજીક એકઠાં થાય છે અને ત્યાંથી પર્સિયન ગલ્ફના રસ્તે મધ્ય પૂર્વ, ભૂમધ્ય સમુદ્ર અને ત્યાંથી યુરોપ-અમેરિકા સુધી પહોંચે છે. આજે એ સાંકડી દરિયાઈ ખાડીની પટ્ટી પર અમેરિકા ડીપ પેનિટ્રેટિંગ બોમ્બર્સનો મારો કરે છે અનેક સમુદ્ર જહાજો ડૂબી ગયાં છે. અકસ્માતને કારણે અથવા ઈરાન વગેરેમાંથી કોઈને કુમતિ સૂઝી તો ઈરાદાપૂર્વક એ કેબલ્સ કાપી નાખે. આમેય ઈરાનમાં તો ઈન્ટરનેટ બંધ કરી દેવાયું છે, જેથી યુદ્ધમાં સાચી સ્થિતિ ઈરાનીઓ જાણી ન શકે. તેઓ સોશ્યલ મીડિયા વાપરી જાહેરમાં એકઠાં ન થાય. તેમાંય જો ઈન્ટરનેશનલ ઈન્ટરનેટ બંધ કરી દેવાય તો દુનિયાને વધુ પજવવાની ઈરાની શાસકોની ઈચ્છા બર આવે. દુનિયાને સમાધાન માટે ઝુકાવી શકે. આજ કાલના જગતભરના ઉદ્યોગધંધાઓ, કારોબાર, કોમ્પ્યુટરો, ઈન્ટરનેટના માધ્યમથી જ ચાલે છે. તે ઠપ થાય તો વેપાર-વણજ બંધ થઈ જાય. આવું ચોક્કસપણે થશે જ તેમ કહી ન શકાય પણ સંભાવના મોટી છે.

યુક્રેન યુદ્ધના પ્રારંભમાં ઈન્ટરનેટ પ્રવાહને અસર પડી હતી તો અમુક નામી બેન્કોનાં કોમ્પ્યુટરો લાંબો સમય માટે ઠપ થઈ ગયાં હતાં. ભારતનો આંતરિક સંદેશાવ્યવહાર ઘરઆંગણાની વ્યવસ્થાને લીધે ચાલે. પરંતુ જે વ્યવસ્થા માટે વિદેશી ડેટા સેન્ટરો પર ભારત નિર્ભર છે તે સેવા બંધ પડી જાય. સોશ્યલ મીડિયાનાં અમુક એપ્લિકેશનો અને પ્લેટફોર્મ્સ બંધ પડી જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

અમુક દેશોમાં ડેટા સેન્ટરો પણ યુદ્ધની અડફેટમાં આવી જશે. હકીકતમાં, એવું થવા માંડ્યું છે. મધ્ય પૂર્વના આરબ દેશો તેમ જ ઈઝરાયલ ખાતેનાં ડેટા સેન્ટરો પર ઈરાન ડ્રોન વિમાનોના હુમલાઓ કરી ચૂક્યું છે. આ એક એવી શરૂઆત છે જે બતાવે છે કે ભવિષ્યનાં યુદ્ધોમાં કઈ પ્રવૃત્તિઓ મહત્ત્વનાં નિશાનો ગણાશે? અત્યાર સુધી ટેકનોલોજીઓ (ટેક)ની કંપનીઓ સાવધ રહીને હેકરોના હુમલાઓથી બચતી આવી છે. કેટલાક હુમલાઓનો ખરાબ રીતે ભોગ પણ બની છે. ઈંગ્લેન્ડમાં ટાટાની માલિકીની લેન્ડરોવર-જેગ્વાર કંપનીએ હેકરોના હુમલાઓના કારણે ઘણું મોટું નુકસાન સહન કરવું પડ્યું હતું. ફેક્ટરી લાંબો સમય માટે બંધ રહી હતી. રેન્સમ ચૂકવવી પડી હશે તે અલગ. પરંતુ હવે ટેક કંપનીઓએ પોતાનાં ડેટા સેન્ટરોને સુરક્ષિત રાખવાની પળોજણો સ્વીકારવી પડશે. ડેટા સેન્ટરો પર ડ્રોન કે મિઝાઈલનો હુમલો આવી ચડે. વર્તમાન ઈરાન-ઈઝરાયલ-અમેરિકા યુદ્ધના પ્રારંભમાં યુએઈ (દુબાઈ નજીક) ખાતેની એમેઝોનની વેબ સર્વિસિઝની બે ફેસેલિટીઓ પર ઈરાની ડ્રોન વિમાનો સીધાં ખાબક્યાં હતાં. આ ઉપરાંત બહેરીન ખાતે પણ એમેઝોન વેબ સર્વિસીઝના એક મકાનને ઈરાનના ડ્રોને નુકસાન પહોંચાડ્યું હતું. આ બધા હુમલાઓ પ્રમાણમાં નાના હતા છતાં ઈન્ટરનેટ સેવાઓ ખોરવાઈ ગઈ હતી. બેન્કો, નાણાંકીય સંસ્થાઓ, ફીનટેક કંપનીઓ, ટેકસીઓ સાથે ગ્રાહકોને સાંકળતી રાઈડ શેર કંપનીઓનાં કામકાજો બંધ પડી ગયાં હતાં અથવા ગતિ મંદ પડી ગઈ હતી. બીજી સેવાઓ પણ ખોરવાઈ હતી. નાનકડા ડ્રોન વડે પ્રમાણમાં નાનું નુકસાન પહોંચ્યું છતાં આટલી અસર થઈ તો એક ટારગેટેડ મિઝાઈલ દ્વારા પૂરેપૂરું ડેટા સેન્ટર ઉડાડી દેવામાં આવે તો કોઈ પણ અસરગ્રસ્ત દેશના ઉદ્યોગ ધંધાઓની શી હાલત થાય? પેમેન્ટસ જતાં અને આવતાં બંધ થઈ જાય. ગલ્ફના દેશોમાંથી જે લોકો વતનમાં પૈસા મોકલતો હતો તેમાં યુદ્ધ બાદ ઘણી ઘટ જોવા મળી રહી છે. ખાસ કરીને કેરલમમાં જો મધ્ય-પૂર્વના વિશાળ ડેટા સેન્ટરોને ખતમ કરી નંખાય તો દેશના અને કેરલમનાં લોકોની શી હાલત થાય? આ ઉપરાંત જેઓને સ્માર્ટ ફોન સામે મોં ધરીને બેસવાનું વ્યસન થઈ ગયું છે તેઓ પણ આ ઉનાળાના વેકેશનમાં અકળાઈ પડે. હાલમાં જે ચીવટપૂર્વકની તૈયારીઓ ચાલી રહી છે તે જોતાં લાગે છે કે યુદ્ધ લાંબો સમય ચાલશે. જો કે કેબલ તૂટવાથી સેવામાં જે ખલેલ પહોંચશે તેને ઈલોન મસ્કની સ્ટારલિન્ક કંપની અમુક હદ સુધી પહોંચી વળશે. ભારતમાં કંપનીને પરવાનો મળી ગયો છે પણ હજી સુધી કામકાજ શરૂ થયું નથી. સ્ટારલિન્ક ઉપગ્રહોના જોડાણ થકી ઈન્ટરનેટ સેવાઓ પૂરી પાડે છે તેથી તેને કેબલ્સની જરૂર પડતી નથી. જો કે આ સેવાઓની એક મર્યાદા છે. જ્યાં સ્માર્ટફોન અને અન્ય ડિવાઈસોની ઘનતા, પ્રમાણ, ઊંચાં હોય ત્યાં તે કાર્યક્ષમ સેવા આપી શકતી નથી ખાસ કરીને શહેરોના ધમધમાટવાળા વિસ્તારોમાં.

ઈરાને અમેરિકાની ટેક કંપનીઓ સામે યુદ્ધની ઘોષણા કરી રાખેલી જ છે. થોડા દિવસો અગાઉ ઈરાનની સરકારે અમેરિકાની કંપનીઓ, તેઓનાં સરનામાં અને અન્ય વિગતોની એક યાદી પણ જાહેર કરી હતી. તેમાં માઈક્રોસોફ્ટ, ગૂગલ, પલાન્તીર, આઈબીએમ, એનવિડિયા, ઓરકેલ જેવી સિલિકોન વેલીની જાણીતી કંપનીઓનાં નામો હતાં. આ બધી ઈરાનની દુશ્મન કંપનીઓ છે. તેઓને ભીડવવા ઈરાની સંરક્ષક દળો હોર્મુઝમાંથી પસાર થતાં કેબલો કાપી નાખે. કારણકે હમણાં ઘણા વખતથી ઈરાનીઓ બદલો, બદલો, બદલો બોલી રહ્યા છે.

હોર્મુઝના મુખમાંથી પસાર થતાં આંતરરાષ્ટ્રીય કેબલ્સનું વ્યૂહાત્મક મહત્ત્વ ખૂબ વધી ગયું છે. અમુક કંપનીઓ સલામતીના ઉપાયો અજમાવી રહી છે. અમુક ભૂગર્ભમાં મજબૂત બંકરો બાંધીને સર્વરો ત્યાં લઈ જઈ રહી છે. આ બંકરો પરમાણુ હુમલામાં પણ સલામત રહે છે એ રીતે બાંધવામાં આવી રહ્યાં છે. આરબ દેશો પાસે નકામી રણની જમીનનો પાર નથી. જો કે તે બધી સગવડતાઓ માટે નાણાંનું મોટું રોકાણ કરવું પડે અને આખરે ગ્રાહકોને સર્વિસો મોંઘી પડે.

એક સમય હતો જ્યારે મિડલ આરબ દેશો પોતાના ભવ્ય દેશોને દુનિયાનાં સૌથી સલામત શહેરો ગણાવતાં હતાં. આજે પણ બાહરી આક્રમણને બાકાત કરો તે સાવ સલામત જ છે. દુનિયાના ડેટાની સાચવણી માટે સૌથી સલામત સ્થળો ગણાવતા હતા. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેલ્લે અખાતની મુલાકાત લીધી હતી. ત્યારે આરબ દેશોને આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં ભવિષ્યના મહત્ત્વનાં મથકો જાહેર કરાયાં હતાં. સાઉદી અરેબિયા, કતાર અને યુએઈ વગેરેને આ દેશોએ મળીને અમેરિકાની કંપનીઓમાં બે હજાર અબજ ડોલરનું મૂડી રોકાણ કરવાનાં વચનો ટ્રમ્પને આપ્યાં હતાં એ સમયે આજથી લગભગ એક વર્ષ અગાઉ, કોઈએ ધાર્યું ન હતું કે જ્યાં ડેટા સેન્ટરોની ચીપ્સ ગોઠવાયેલી હશે તે બિલ્ડિંગો પર ઈરાન મિઝાઈલો છોડશે અને વિમાનો અફળાવશે. ગલ્ફના રાજાશાહી દેશોએ અમેરિકન કંપનીઓને અખાતમાં મૂડી રોકવાનાં પ્રલોભનો તરીકે સબસીડીઓ અને સસ્તા દરે વીજળી પૂરી પાડી તેનો લાભ લેવા અમેરિકન કંપનીઓએ ગલ્ફમાં ડેટા સેન્ટરો બાંધી દીધાં છે. હવે તેમને લાગતું હશે કે ભૂલ થઈ ગઈ. ડેટા સેન્ટરોને વીજળીની તેમ જ પાણીની ખૂબ જરૂર પડે. રણ પ્રદેશોમાં આ રીતનાં ડેટા સેન્ટરો બાંધવા તે અમસ્તું પણ એક બ્લન્ડર ગણાય. તેમાં હવે ઈરાન વેરી બન્યું છે, ભુંરાટું બન્યું છે. વધુ ખતરનાક ગરમીના દિવસો શરૂ થયા છે એ પણ રેગિસ્તાનમાં.

**વિનોદ પંડ્યા**

**ભારતનો આંતરિક સંદેશાવ્યવહાર ઘરઆંગણાની વ્યવસ્થાને લીધે ચાલે. પરંતુ જે વ્યવસ્થા માટે વિદેશી ડેટા સેન્ટરો પર ભારત નિર્ભર છે તે સેવા બંધ પડી જાય**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વાડા તોડો સમાજ જોડો

આજે જ્યારે છોકરાઓ ઉંમરલાયક થઈ ગયા હોવા છતાં હાલમાં 25 વર્ષથી 35 વર્ષનાં છોકરાઓ કુંવારા છે. કારણ કે છોકરીઓની સંખ્યા ઓછી છે. શિક્ષણનું પ્રમાણ વધારે છે. છોકરીઓ ઉચ્ચ સ્થાન પર સર્વિસ કરે છે. બીજી રીતે જોઈએ તો છોકરીઓ ઓછા પગારમાં સારો સમય આપી સારું કામ કરી શકે છે. હાલમાં તો છોકરીઓ પોતાનાં તથા કુટુંબના પોષણ માટે પેટ્રોલ પંપ પણ કામ કરે છે. આવી સર્વિસ માટે તેઓ પ્રથમ દાવેદાર થાય છે. આથી સામે ભણેલા છોકરાને ઉણપ આવે. શું હું આવી સર્વિસ કરું? હવે સિક્કાની બીજી બાજુ જોતા છોકરીઓની સંખ્યા ઓછી હોવાથી જાતજાતથી ડિમાન્ડ રાખે છે. જેવી કે હમારા છોકરા લગી પછા નોકરી કરશે. ઘરમાં વોશીંગ મશીન છે. કામવામાં વ્યાઈ છે. A/C છે સાસુ-સસરા સાથે રહે છે. ટૂંકમાં ઘરમાં કામ ઓછુ કરવું અને સગવડ વધારે જોઈએ. ચાવી અનેક શરતોથી દુરભલી છોકરા-છોકરી જાન્ ન્યાતજાતના વિદેભાવ વગર લગ્ન કરે છે. નવન પધ્ધતિ અનુસાર વાડા તોડો સમાજ જોડો તેવુ કરે છે.

**- મહેશ આઈ. ડોક્ટર**

## કચ્છનો કેકારવ!

દરેક પ્રદેશની આગવી ઓળખ હોય. કચ્છમાં પાલરપાણી તરીકે ઓળખાય તે વરસાદનું ભેગુ કરેલ ઘરના ટાંકાનું પાણી. ધરતીકંપનો સતત ભય વચ્ચે પણ પ્રજા બિન્દાસ રહે. દીવાલોને લીપી આભલાંથી શણગારવી એ કચ્છીપ્રજાનો શોખ. સવારે આઠેક વાગ્યે અમે ભૂજ રીસોર્ટ પર પહોંચ્યા ભાષા, બોલી મીઠી સાંભળવી ગમે એવી હોટલનો દેખાવ સ્વચ્છ રણિયામણો. કાઉન્ટર પરથી પ્રશ્ન થયો તોકે કુરૂ ખપે તો? ભાષા સમજી શકાય એવી. અપવાદ રૂપે પણ તોછડાઈ નહીં સંભળાયે. જાણે કચ્છનો કેકારવ! તમારે શું જોઈએ છે? આભલાં, કચ્છી ભરત, ગુંથણ, રબારી, જત, મૂતવા ઊડીને આંખે વળગે એવી કારીગીરી ઘર તંબુ સહેલાઈથી બદલી શકાય એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવાય એવાં કચ્છમાં વહાણવટીઓ ગીત લલકારે તેને હમ્ભા કહેવાય. માંડવી, અંજાર (છરીચપ્પુ પ્રખ્યાત) ભૂજ માતાનો મઢ, સફેદ રણ, કંડલાબંદર આ પ્રદેશને શોભાવે છે. ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચને સાચુ કહ્યું છે. ‘જીસને કચ્છ નહીં દેખા ઉસને કુછ નહીં દેખા’ જગડુશા-વસ્તુપાલે જરૂરિયાત સમયે ગોડાઉનો ખૂલ્લા મૂકી દીધેલા. ક્રાંતીવર શ્યામજીકૃષ્ણ વર્માની યાદમાં એક મેમોરિયલ ફાઉન્ડેશન જ જોવા જેવું આ ભૂલાયેલ ક્રાંતિવીરને પુનઃ ધબકતાં કર્યા. નરેન્દ્રમોદીજીએ. ટાઈમ આંતરરાષ્ટ્રીય મેગેઝીનનું કવરપેજ પ્રાપ્ત કર્યું હતું. ગત સદીમાં સુરત, ભરૂચ, અ’વાદ જેવા સ્થળોએ પાણીના ટાંકા જોવા મળતાં.

**સુરત – કુમુદભાઈ બક્ષી**

## માનવતાની અનન્ય મિશાલ

ચંડીગઢ યુનિવર્સિટીમાં બી. ટેકનો અભ્યાસ કરતાં, બોડી બિલ્ડિંગનો શોખ ધરાવતા આશાસ્પદ યુવક હરીશ રાણા અકસ્માતને કારણે છેલ્લાં તેર વર્ષથી કોમામાં રહેલાંને આખરે સુપ્રિમ કોર્ટે ઈચ્છામૃત્યુની પરવાનગી આપી. ગાઝિયા બાદનાં રહેવાસી હરીશ રાણાછેલ્લા તેર વર્ષથી પથારીવશ હતાં. અસહ્ય પીડા સહન કરી રહ્યાં હતાં. આખરે સુપ્રિમ કોર્ટ દ્વારા તેમને ઈચ્છામૃત્યુની મંજુરી મળી. તેર વર્ષની લાંબી દર્દનાક પરિસ્થિતિ બાદ પરિવારનો ફેસલો સરાહનીય બન્યો. તેમણે હરીશના અંગદાનનો નિર્ણય કર્યો. જેથી જતાં જતાં તે અન્ય પરિવારોમાં ખુશીઓના દીવા પ્રગટાવે. ‘આ ફેંસલો પરિવારની, માતા-પિતાની હાર નહીં, પણ તેમની કરુણા અને સાહસ છે. તેઓ તેમના દીકરાને છોડી નથી રહ્યાં, પણ ગરિમા સાથે વિદાય આપી રહ્યાં છે. આને ઈચ્છા નહીં, પણ સારવાર પ્રક્રિયાને રોકવી એમ કહી શકાય. જજોના આ શબ્દો સૂચક રીતે ઘણું કહી જાય છે એઈમ્સમાં તેમનો અંત શાંતિ અને ગરિમા સાથે થયો. આમ જોઈએ તો, આ એક કાનૂની ફેંસલો નથી, પણ એક મા-બાપના નિસ્વાર્થ પ્રેમ અને દીકરાને દર્દીથ મુક્તિ અપાવવાની વાત છે. અંતમાં પિતાએ ભારી મનથી કહ્યું, ‘સબકો માફ કરતે હુએ, સબસે માફી માંગતે હુએ તુમ પ્રભુ મિલન કો જાઓ. દેશમાં ઈચ્છામૃત્યુનો આ પ્રથમ કિસ્સો હોવાની સાથે હરીશ જતાં જતાં પણ અંગદાન થકી માનવતાની અનન્ય મિશાલ કાયમ કરી ગયો.

**સુરત - કલ્પના બામણીયા**

## પ્રવાસના આયોજનમાં સતર્કતા

રોજબરોજની યત્રવત જીંદગીથી કંટાળી જવાથી માનવીએ પ્રવાસનું આયોજન કર્યું હોય છે અને જે યુગલના સંતાનો શાળાએ શિક્ષણ પ્રાપ્ત કરવા જતા હોય એ પરિવારને વેકેશનમાં જ પ્રવાસ જવાનું અનુકુળ રહે એ સર્વસ્વીકાર્ય વાત છે. પરંતુ યાત્રાધામો, પર્વતીય સ્થળ, દરિયાકિનારાના સ્થળ, ઐતિહાસિક સ્થળો વિ. અનેક પર્યટન સ્થળોએ પર્યટકોને નાણાંકીય બાબતે લૂંટવામાં આવે છે. અન્ય રાજ્યના પર્યટન સ્થળે જઈએ એટલે બધી જાણકારી ન હોય એટલે એનો ગેરલાભ ત્યાંના હોટલવાળા, રેસ્ટોરન્ટ વાળા, ગાઈડ વિ. ઉઠાવતા હોય છે. આપણી જરૂરિયાત (ગરજ) પૂર્ણ કરવા એમને મોં માગ્યા દામ ચૂકવવા પણ પડે છે. રીક્ષાવાળા-ટેક્ષીવાળા પણ અજાણ્યાને ફેરવી ફેરવીને પાસેના સ્થળે લઈ જાય છે આનો ઉપાય શું? અન્ય જાણકાર વ્યક્તિ જે તે સ્થળે જઈ આવી હોય એમની પાસેથી સાચી માહિતી અને રીઝનેબલ હોટલ-ધર્મશાળાના નામ ઠામ જાણી લેવા આવશ્યક. હવે ઓનલાઈન બુકીંગની વ્યવસ્થા પણ છે તો શક્ય હોય તો કરાવી શકાય. પણક્યારેક ઓનલાઈન બુકીંગમાં તસવીરમાં બતાવેલ સગવડ હોતી નથી. અપવાદ સર્વત્ર હોય જ. નાના બાળકો સાથે હોય તો મેડીકલ જાણકારી પણ મેળવી લેવી જેથી સ્વાસ્થ્ય અંગે કોઈ તકલીફ થાય તો તરત સારવાર મેળવી લેવાય. ટ્રેઈનોની ભીડ તો સર્વાવિદિત છે જ! સતર્કતા સહિત પ્રવાસનો આનંદ માણી શકાય. શક્ય હોય તો ઓફ સીઝન પસંદ કરી શકાય. એ સમયે હોટલ-રેસ્ટોરન્ટને પ્રવાસીની જરૂર હોય છે.

**સુરત - નેહા શાહ**

## ગંદકીનું સામ્રાજ્ય

મકાઈપુલ પાસે પ્રખ્યાત દોટીવાળા બિસ્કીટ બેકરી આવેલ છે. જ્યાં તેની બાજુમાં એક અડધી બાંધેલ ઈમારત આવેલ છે. આ મકાનમાં લોકો સડેલા શાકભાજી ફ્રુટ, વિ. અંસખ્ય નકામી વસ્તુ/કચરો નાંખી જાય છે. એટલું જ નહિ આવતા જતા લોકો ખુલ્લામાં શૌચક્રિયા પણ પતાવે છે. તો અહી ખાદ્યપદાર્થની વસ્તુની વેચાણની બાજુમાં એટલી બધી ગંદકી હોય છે. ત્યાં બિસ્કીટ લેવા આવનારને પણ થોડી મિનિટ ઊભા રહેતા અસહ્ય દુર્ગંધ મારે છે. નજીકમાં જ આવેલ વોર્ડ ઓફિસને આ ગંદકી કેમ નથી દેખાતી, બેકરીના માલિકે પણ જણાવ્યું કે અવારનવાર ફરિયાદ કરતા કોઈ સાંભળતુ નથી. સફાઈમાં એવોર્ડ મેળવનાર નંબર વન આવનાર સુરત માટે આ કેટલુ વ્યાજબી છે.

**સુરત – કલ્પના વૈદ્ય**

## જીવન થોડું વેશ ઝાઝો!

કહે છે મનુષ્યનું કદ અને જીવન આયુષ્ય ઘટી રહ્યું છે એટલું જ નહીં માનસિક વિકૃતિ પણ વધી રહી છે. નજીવા કારણે હત્યાઓ જ નહિ આત્મહત્યાઓ પણ થઈ રહી છે. જીવન થોડુ વેશ ઝાઝો જેવું વિકાસ નામે મનુષ્યવર્તી રહ્યો છે. એક રેતીનો કણ પણ તે સર્જી શકતો નથી હા પ્રકિતના ભિન્ન તત્વોને સંગઠિત કરી સંશોધન થકી સાધનો વિકસાવી મનુષ્ય વ્યર્થનો ગર્વ લઈ રહ્યો છે. વધુને વધુ પ્રકૃતિ પર પ્રભુત્વ મેળવી પોતાના કરતાં શક્તિશાળી સાધનો બનાવી વિકાસ સાધી રહ્યાના ભ્રમમાં વિનાશ તરફ ગતિ ચાલી રહ્યાનું તેના જીવનની થઈ રહેલી ઉપરોકત અવદસા દર્શાવી રહી છે સર્વવિનાશથી બચવુ હશે તો પ્રકિત પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું છોડી પ્રકૃતિમય જીવન તરફ પાછા વળવું જ પડશે નહીતો મનુષ્યતાનો સર્વનાશ બહુ દુર હોવાનું અનુભવાતુ નથી જ નથી.

**નવસારી – ગુણવંત જોષી**